તાપમાન	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૩૮.૦° સે.	૩૪.૦° સે.
બારડોલી	૩૮.૦° સે.	૨૩.૦° સે.
ભરૂચ	૩૮.૦° સે.	૨૪.૦° સે.
વ્યારા	૩૮.૦° સે.	૨૩.૦° સે.

કામરેજમાં ATM કાપતી વખતે જ આગ

ચાર તસ્કરો ઇકો કારમાં ગેસ કટર લઇને આવ્યા હતા

એટીએમમાં લાગેલા કેમેરા પર સ્પ્રે કરી દીધો



કામરેજ: કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતાં રોડ પર આવેલા એસ.બી.આઈ. કંપનીના એટીએમમાં વહેલી સવારે મારુતિ ઈકો કારમાં આવેલા ચાર અજાણ્યા ઈસમો ચોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે, એટીએમમાં આગ લાગતાં તસ્કરો વિલા મોઢે પરત ફર્યા હતા.

કામરેજના ખોલવડમાં ઉમિયા ટીંબર માર્ટ શોપિંગ સેન્ટરમાં કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતાં રોડ પર આવેલા એસ.બી.આઈ.ના એટીએમમાં મંગળવારના રોજ વહેલી સવારના આશરે 3.12 કલાકે નંબર વિનાની મારૂતી ઈકો કારમાં સવાર ચાર અજાણ્યા ઈસમો આવ્યા હતાં. કારમાંથી તેમણે ગેસકટર કાઢ્યું હતું અને એટીએમ સેન્ટરમાં ઘૂસી ગયા હતા. ત્યારબાદ શટર અંદરથી બંધ કરી એટીએમ કાપવાની કોશિશ કરી રહ્યાં હતા ત્યારે એટીએમમાં આગ ફાટી નીકળતા જ તેઓ નાસી ગયા હતા. ત્યાંથી પસાર થતી વ્યક્તિએ આગ જોઈને 112 ઉપર કોલ કર્યો હતો. જેથી ફાયરે આગ પર કાબૂ મેળવ્યો હતો અને પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.જો કે એટીએમના સંચાલકો દ્વારા કામરેજ પોલીસમાં કોઈ ફરિયાદ આપી ન હતી.જેના લઈને એટીએમમાં કેટલા રૂપિયા હતા તે જાણી શકાયુ નથી અને આ એટીએમ હિટાચી કંપનીનુ હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ છે.પોલીસ તપાસ કરતાં એટીએમમાંથી લોખંડની પરાઈ પણ મળી આવી હતી. તસ્કરોએ એટીએમમાં પ્રવેશતા પહેલા જ એટીએમની બહાર લગાવેલા સીસીટીવી કેમેરામાં સ્પ્રે કરી દીધો દેવામાં આવ્યો હતો. તેઓ ચોરી કરવા આવ્યા તે ઘટના અન્ય સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

બુહારીમાં એટીએમમાં ચોરીનો પ્રયાસ

વાલોડ: વાલોડ તાલુકાના બુહારી ગામે આવેલ બલ્લુ કાકા શોપિંગમાં દુકાન નં.18માં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાનું એ.ટી.એમ. આવેલું છે. જે મશીનને રાત્રિ દરમિયાન તસ્કરે નિશાન બનાવ્યું હતું. ચોરી કરવા આવેલો તસ્કર ગેસ કતર લઈને આવ્યો હતો. જોકે, એટીએમ મશીનને કાપવા જતા ત્યાં વાલોડ પોલીસ સ્ટેશનના જીઆરડી જવાનો નજીક જ હાજર હોવાથી અવાજ આવતાં જ તેઓ દોડી ગયા હતા. જેથી મોં ઉપર રૂમાલ બાંધેલ તસ્કર આ જવાનોને જોઈ ભાગી છૂટ્યો હતો. આ તસ્કરે એટીએમને નુકસાન પહોંચાડ્યું હતું. પરંતુ એટીએમમા રહેલી કેશ સહી સલામત બચી ગઈ હતી. જેથી જીઆરડી જવાનોની સતર્કતાના પગલે તસ્કર ચોરી કરવામાં નિષ્ફળ રહ્યો હતો. આ બનાવ અંગે પ્રદીપ અમરશીંગ મકવાણાએ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે.

ATMમાં આવી સિક્યુરિટી હોય છે

- » અત્યંત મજબૂત અને જાડું સ્ટીલ
- » ૭૦૦ કિલોથી લઈને ૧ ટન વજન
- » સેન્ટ્રલાઈઝ્ડ એલાર્મ સિસ્ટમ
- » ઘણાં એટીએમમાં ગુપ્ત જીપીએસ ટ્રેકર
- » ડાઈ સ્ટેન ટેક્નોલોજીનો ઉપયોગ

એના નવરાત્રિમાં નિયમો નેવે મધરાતે ઘોંઘાટ-રસ્તા પર ટ્રાફિક

૧૨ વાગ્યા પછી પણ મોટા અવાજે સ્પીકર્સ ચાલુ, દર્દીઓ અને વિદ્યાર્થીઓ હેરાન-પરેશાન

બારડોલી: બારડોલીની નાંદીડા ચોકડી ખાતે યોજાયેલા 'એના નવરાત્રિ મહોત્સવ'માં આયોજકો દ્વારા સરકારી નિયમો અને જાહેર હિતને નેવે મૂકીને ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાની ગંભીર ફરિયાદો ઊઠી છે. સમગ્ર મહોત્સવમાં વહીવટી તંત્રના જાહેરનામાના ખુલ્લેઆમ લીરેલીરા ઊડી રહ્યા છે, જેના કારણે સામાન્ય પ્રજા, વાહનચાલકો તેમજ ગરબે ઘૂમતા ખેલૈયાઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

સર્વોચ્ચ અદાલત અને વહીવટી તંત્ર દ્વારા રાત્રે ૧૨ વાગ્યા બાદ લાઉડસ્પીકર વગાડવા પર કડક પ્રતિબંધ હોવા છતાં, એના નવરાત્રિમાં મધરાતે ૧૨ વાગ્યા પછી પણ બેરોકટોક કાન ફાડી નાંખે તેવા મોટા અવાજે સ્પીકર્સ ધમધમાવવામાં આવી રહ્યા છે. આ બેફામ અવાજને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ધ્વનિ પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. આસપાસના રહેણાક વિસ્તારોમાં રહેતા વૃદ્ધો, બીમાર દર્દીઓ અને પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ રાત્રિ દરમિયાન ઊંઘી પણ શકતા નથી. સ્થાનિકોમાં આ બાબતે આયોજકો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આયોજકો દ્વારા મોટી મોટી જાહેરાતો કરીને ગરબા માટે 'એસી ડોમ' ઊભો કરવામાં આવ્યો છે, પરંતુ વાસ્તવિકતા સાવ વિપરીત છે. ડોમની અંદર પૂરતા વેન્ટિલેશન અને હવા-ઉજાશનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. ભીડ વધતાં જ ડોમમાં સફોકેશન જેવો માહોલ સર્જાય છે, જેના કારણે ખેલૈયાઓની હાલત કફોડી બની રહી છે. એસી ડોમના નામે તગડી ફી કે પાસ વસૂલ્યા બાદ ખેલૈયાઓના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા હોવાની ફરિયાદો ઊઠી છે.

આ ઉપરાંત આયોજન સ્થળે પાર્કિંગ અને ટ્રાફિક વ્યવસ્થા સાવ ખાડે ગઈ છે. દરરોજ હજારોની સંખ્યામાં લોકો ઊમટી પડતા હોવાથી બારડોલી-સુરત મુખ્ય માર્ગ પર કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાય છે. જેથી રોજિંદા મુસાફરો, એમ્બ્યુલન્સ જેવા ઇમરજન્સી વાહનો અને અન્ય રાહદારીઓ કલાકો સુધી અટવાઈ પડે છે. જો વહેલી તકે રાત્રિના ડેડલાઇન નિયમનું પાલન કરાવવામાં નહીં આવે અને ટ્રાફિક સમસ્યાનો ઉકેલ નહીં લાવવામાં આવે, તો સ્થાનિક જનતામાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળે તેવી શક્યતા છે. તંત્ર તાત્કાલિક અસરથી કડક પગલાં ભરે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ગ્રે કાપડના વેપારીઓ સાથે ૬૨.૭૮ લાખની છેતરપિંડી

સમયસર પેમેન્ટની લાલચ આપી પાલોદના વેપારીઓના રૂપિયા ગપચાવી ઓફિસને તાળાં મારી દીધાં

હથોડા: પાલોદમાં ગ્રે કાપડનાં નાણાં ન ચૂકવી લાખો રૂપિયાની વિશ્વાસઘાત અને ઠગાઈ આચરતાં મામલો પાલોદ પોલીસમથકમાં પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર નાના વરાછાના બી-226, ધર્મિષ્ઠા પાર્ક સોસાયટીમાં રહેતા અને માંગરોળના લીંડિયાત ગામની સીમમાં આવેલા રાજહંસ વિલામાં પૂજા ફેબ્રિક્સ નામે ટેક્સટાઈલ્સનો વેપાર કરતા હરજીભાઈ સવજીભાઈ ખાંભડીયા (ઉં.વ.56)એ પાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝના નામે વેપારી તરીકે ઓળખ આપી, માલ ખરીદ્યા પછી નિયમ મુજબ ૪૫ દિવસમાં ચૂકવણી કરવાનું અથવા તો સમયસર નાણાં ન ચૂકવાય તો ૧.૫% લેટ પેમેન્ટ ચાર્જ આપવાનું આશ્વાસન આપી વેપારીઓનો વિશ્વાસ જિત્યો હતો. શરૂઆતમાં સમયસર ચૂકવણી કરી એક શાખ ઊભી કર્યા બાદ, આરોપીઓએ તા.૧૪/૪/૨૦૨૬થી તા.૧૩/૭/૨૦૨૬ દરમિયાન હરજીભાઈ પાસેથી કુલ ૯૦ વખત ગ્રે કાપડનો જથ્થો ખરીદી રૂ.૪૯,૮૭,૩૦૦નું બિલ બનાવડાવ્યું હતું. ઉપરાંત આરોપીઓએ પીપોદરાની અંબાબા ટેક્સટાઇલ્સ પાસેથી રૂ.૭,૦૪,૧૮૫ અને પીપોદરાની શ્રી શુભ વિવ્સ પાસેથી રૂ.૫,૮૭,૪૩૦નું ગ્રે કાપડ ખરીદી, કુલ રૂ.૬૨,૭૮,૯૧૫ના માલનું પેમેન્ટ ચૂકવ્યા વગર સારોલી સ્થિત પોતાની ઓફિસ બંધ કરી ભાગી છૂટ્યા હતા. આ મામલે પાલોદ પોલીસે મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝના પ્રોપરાઈટર નરેશ બચુભાઈ કાતરીયા (રહે., વિનાયર રેસિડેન્સી, પુના ગામ), વહીવટદાર મુકેશભાઈ કાળુભાઈ વાણીયા અને દલાલ ભૂપતભાઈ બચુભાઈ કથીરિયા વિરુદ્ધ ગુનાહિત કાવતરું અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચાંપાવાડી પાસે ખેરનાં લાકડાં સાથે કાર પકડાઈ, તસ્કરો રફુચક્કર

વ્યારા: વ્યારાના ચાંપાવાડી પાસે ખેરનાં લાકડાં સાથે ટવેરા પકડાઈ હતી. જ્યારે લાકડાં ચોર ભાગી છૂટ્યો હતો. મળતી માહિતી મુજબ વન વિભાગની ટીમે બાતમીના આધારે સ્થાનિકોને સાથે રાખી ચાંપાવાડી ગામમાં વ્યારા સામાજિક વનીકરણ ચાંપાવાડી રાઉન્ડ પાસેથી ગતરોજ મળસકે સાડા ચાર કલાકે ઉકાઈ ડાબા કાંઠા નહેર પર ઊભી રહેલી ટવેરા ગાડી નં. (GJ-21-AA-4538) માં તપાસ કરતાં કોઈપણ જાતની પાસ પરવાનગી વગરનાં ખેરનાં લાકડાં નંગ-13, ઘનમીટર-0.540 મળી આવ્યા હતા. જેની અંદાજિત કિંમત રૂ.19548 અને ટવેરા ગાડી અંદાજિત કિંમત 1,50,000 મળી કુલ કિં.રૂ.1,69,548નો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

ઈસરોલીની યુવતી ગુમ

બારડોલી : મૂળ ઉચ્છલ અને ઈસરોલી રહેતી ૨૦ વર્ષીય સુમિત્રાબેન કાથુડ ગત ૭ ઓક્ટોબરથી ગુમ થઈ છે. જે ન મળતાં શ્રમિક પરિવારે બારડોલી ટાઉન પો.સ્ટે.માં ફરિયાદ કરી છે.

બેડારાયપુરા ગામે પતિએ મોબાઈલ લઈ લેતાં ઝેર પીતાં પત્નીનું મોત

વ્યારા: ડોલવણના બેડારાયપુરા ગામે ગામતળ ફળિયામાં રહેતી 36 વર્ષીય પરિણીતાએ ભીંડામાં નાંખવાની ઝેરી દવા ગટગટાવી લેતાં જેનું હોસ્પિટલમાં સારવાર મોત નીપજ્યું હતું. ગત તા.11-10-2026ના રોજ રાનવેરી ગામે હટવાડામાં પ્રિતીબેન કોઈ ઈસમ સાથે મોબાઇલ પર વાત કરતી હતી. દરમિયાન પતિ સંજય પટેલ આવી જતાં પતિ સંજયે મોબાઈલ ફોન લઈ લેતા પરિણીતાને ખોટું લાગતા ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેને સારવાર માટે સુરતની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન પરિણીતાનું મોત નીપજ્યું હતું.

વાલોડમાં રસ્તાની કામગીરી કરાઈ

વાલોડ: પંચાયત માર્ગ મકાન વિભાગ તાપી હંમેશા વાહનચાલકોને માર્ગમા કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે હંમેશાં અગ્રેસર રહેતું હોય છે. ત્યારે હાલ ચોમાસાની સીઝન પૂર્ણતાને આરે હોય જિલ્લાના વિવિધ તાલુકાઓમાં માર્ગોની સ્થિતિ સુધારવા તથા નાગરિકોને સલામત અને સુગમ વાહનવ્યવહારની સુવિધા મળી રહે તે હેતુથી પંચાયત માર્ગ અને મકાન વિભાગ તાપી દ્વારા માર્ગોની નિયમિત મરામત, પેચવર્ક, માર્ગની બંને બાજુની સાફસફાઈ, ઝાડી-ઝાંખરાં દૂર કરવા તેમજ જરૂરી સ્થળોએ સફેદ પટ્ટા દોરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

ઉનાઈ નાકા પોલીસ ચોકીમાં આગ લાગી

વ્યારા: વ્યારામાં ઉનાઈ નાકા પાસે અંબાજી મંદિર પાસે આવેલી પોલીસ ટ્રાફિક ચોકીમાં ગતરોજ મોડી રાત્રે અચાનક આગ લાગી હતી. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગની જાણ થતાં જ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. રાત્રિનો સમય હોવાથી સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

નિઝરના વેલદા ગામે સાયબર છેતરપિંડી

કુકરમુંડા: નિઝર તાલુકાના વેલદા ગામે ઓનલાઈન બેંકિંગ છેતરપિંડીનો બનાવ બન્યો છે. ગામના રહેવાસી કલ્પેશભાઈ પટેલે પોતાના પિતા સોમજીભાઈ પટેલના બેંક ખાતામાંથી નાણાં ગાયબ થવા અંગે નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તા.10/10/2026ના રોજ બપોરે 2:30થી 3:30 વાગ્યા દરમિયાન અજાણ્યા ઇસમે કુલ છ અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન (રૂ.5,000, રૂ.9,000ના બે, રૂ.49,999, રૂ.25,000 અને રૂ.81,000) કરીને ખાતામાંથી રૂ.1,78,999 ઉપાડી લીધા હતા. ફરિયાદના આધારે નિઝર પોલીસે અજાણ્યા ઇસમ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બલેશ્વર નજીક ટ્રક પરથી પટકાતાં યુવકનું મોત

પલસાણા: મૂળ કર્ણાટકના સંભાજીનગર ખાતે રહેતા રોહન અપ્પાસાહેબ કુરને (ઉ.વ.૨૬) બલેશ્વર ગામે સહયોગ હોટલના પાર્કિંગમાં ઊભેલી ટ્રક (નં. KA 28 AA 1159) ખરાબ હોવાથી તેના પાછળના ફાલકાના ભાગે લાકડીનો ટેકો રાખીને બેઠા હતા. અચાનક લાકડી તૂટી પડતાં રોહન નીચે જમીન પર પટકાયા હતા. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

વિધિ દેસાઈએ PH.D.ની મૌખિક પરીક્ષા પૂર્ણ કરી

અંકલેશ્વર: યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજીની સંશોધનાર્થી વિધિ વલમજીભાઈ દેસાઈએ તા.12 ઓક્ટોબરે પીએચ.ડી.ની મૌખિક પરીક્ષા (વાઈવા વોસ) સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ સાથે તેઓ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની મૌખિક પરીક્ષા પૂર્ણ કરનાર પ્રથમ સંશોધનાર્થી બન્યાં છે. તેમના સંશોધનનો વિષય "Studies on Synthesis of Novel 6-Fluorochromane-Based Heterocyclic Derivatives Containing Amide Linkage as Potential Antimicrobial Agents" છે. આ સંશોધન અંતર્ગત 6-ફ્લોરોક્રોમેન આધારિત અને એમાઇડ લિંકેજ ધરાવતા નવા હેટરોસાયક્લિક સંયોજનોના સંશ્લેષણ તથા સંભવિત સૂક્ષ્મજીવવિરોધી પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સંશોધન ઔષધીય રસાયણશાસ્ત્રના ક્ષેત્ર સાથે સંબંધિત છે. વિધિ દેસાઈએ પોતાના સંશોધનકાર્યને લગતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત સંશોધન જર્નલોમાં કુલ પાંચ સંશોધનપત્રો પ્રકાશિત કર્યા છે. તેમણે આ સંશોધનકાર્ય ડો.નિખિલ પારેખના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. વિધિ દેસાઈની આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના સંચાલનમંડળ, શૈક્ષણિક અધિકારીઓ, માર્ગદર્શક અને સંબંધિત વિભાગના સભ્યોએ તેમને અભિનંદન પાઠવ્યાં છે.

કડોદરામાં યુવકનું ચપ્પુની અણીએ અપહરણ કરી બાઈક અને મોબાઈલની લૂંટ

પલસાણા: કડોદરા એસ.ટી. ડેપો ખાતેથી મોડી રાત્રે બે અજાણ્યાએ ડિંડોલીના ડિલિવરી બોય અમરજીતકુમાર સહદેવ રાયનું ચપ્પુની અણીએ અપહરણ કરી લૂંટ ચલાવી હતી. લુંટારુઓ યુવકને બાઈક પર બેસાડી ચલથાણ રેલવે સ્ટેશન પાસે લઈ ગયા હતા અને ભાઈને ફોન કરાવી રૂ.૫,૦૦૦ મંગાવવાનો પ્રયાસ કર્યો હતો. બાદ યુવકને ધમકી આપી રૂ.૧૦,૦૦૦નો મોબાઈલ અને રૂ.૫૦,૦૦૦ની બાઈક (KA-51-HU-4593) મળી કુલ રૂ.૬૦,૦૦૦ની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા. આ અંગે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

HDFC BANK | **HDFC Bank Ltd.** **કબજા નોટીસ** | ૨૦૧-૨૦૪, રીદ્ધી શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેરની સામે, અડાજણ-હજીરા રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯. ફોનઃ ૦૨૬૧-૪૧૪૧૨૧૨

આથી એચડીએફસી બેંક લીમીટેડ (અગાઉ એચડીએફસી લીમીટેડ જેનું તા.૧૭મી માર્ચ ૨૦૨૩ના રોજ માનનીય NCLT- મુંબઈ દ્વારા મંજૂર કરાયેલ એકીકરણ યોજના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથેના જોડાણ થયા મુજબ) (એચડીએફસી) ના અધિકૃત અધિકારી હોવાથી સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (જે કાયદો)ના અને કલમ ૧૩ (૧૨)ના નિયમ ૩ અન્વયે મળેલી સત્તાની રૂએ તથા કલમ ૧૩(૨) હેઠળ કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓ લોનની બાકી પડતી લેણી જે નીચે મુજબ તેઓના નામ સામે જણાવેલ છે તે સહીત પુરેપુરી લોનની ભરપાઈ કરવા ૬૦ દિવસની ડીમાન્ડ નોટીસ પાઠવી હતી. તદઉપરાંત લોનની ચૂકવણી/વસુલાતની તારીખ સુધી લાગુ પડતુ ભવિષ્યનું વ્યાજ, ઈન્સીડેન્શીયલ એકસપેન્સ, ખર્ચા/ચાર્જીસ વગેરે સહિતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

ક્રમ નં.	કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓના નામ	તારીખના રોજ ચુકવવાના બાકી લેણા રૂ.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ/ પ્રત્યક્ષ/સાંકેતિક	સ્થાવર મિલકત/તો સીકયોર્ડ એસેટસ્ નું વર્ણન.
૧.	શ્રી ભારવ ગોવિંદસિંહ (કરજદાર) ૨૦૪૦૯૪-૬૩૯૭૨૮૪૬૬, ૬૪૧૭૪૦૯૮૦, ૬૩૯૭૨૮૪૫૯, ૬૪૧૭૪૦૮૮૭	રૂા.૧૨,૨૦,૩૯૩/-, રૂા.૫,૯૨,૩૨૦/-, રૂા.૨૩,૫૩૯/-, રૂા.૬૧,૨૩૧/- જે ૩૧-ઓગષ્ટ -૨૦૨૫ ના રોજ	૦૧-ઓકટો-૨૦૨૫	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	ફલેટ-એ-૪૦૬-પ્લાન મુજબ-૪૦૨, ચોથો માળ, લક્ષ્મી રેસીડેન્સી, ટાઈપ-એ, સર્વે નં.૪૯૬/૧,૫૦૭,૪૬૫/એ, બ્લોક ૪૬૫/એ, રામ પાર્ક પાસે, કામરેજ પોલીસ સ્ટેશનની પાછળ, ભગવતી રો હાઉસ, કામરેજ ચાર રસ્તા નજીક, કામરેજ, સુરત-૩૯૪૧૮૫.
૨.	શ્રી બોરસે રાજુભાઈ વિઠ્ઠલ(કરજદાર), શ્રીમતિ બોરસે સંગીતાબેન રાજુભાઈ (સહ-કરજદાર), શ્રી બોરસે સુનીલભાઈ (જામીનદાર) ૨૧૬૮૨૦-૬૫૫૦૨૬૭૯૩, ૬૪૮૬૭૫૩૮૨	રૂા.૭,૯૩,૭૫૩/-, રૂા.૧,૦૫,૦૦૩/- જે ૨૮-ફેબ્રુ.-૨૦૨૬ ના રોજ	૨૮-માર્ચ-૨૦૨૬	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	રો હાઉસ-એ-૨૪૫, દ્વારકેશ રેસીડેન્સી, સર્વે નં. ૩૧૨/૧, ૨૭૫/૧, બ્લોક નં. ૩૩૧/એ, ક્રિષ્ના રેસીડેન્સી પાછળ, ઈડન હોમ્સ સામે, ગંગાધરા ચોકડી થી ટુંડી રોડ, ટુંડી, પલસાણા, સુરત-૩૯૪૩૧૦.
૩.	શ્રી દુબે અમિત (કરજદાર), શ્રીમતિ દુબે ઈન્દુ અમિત (સહ-કરજદાર) ૨૦૧૯૯૮-૬૫૮૦૦૨૩૮૯, ૬૫૫૮૫૩૩૪૮	રૂા.૭,૯૮,૦૧૧/-, રૂા.૬૬,૧૮૬/- જે ૩૧-જૂલાઈ -૨૦૨૫ ના રોજ	૨૬-ઓગષ્ટ-૨૦૨૫	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	ફલેટ-એફ-૨૦૧, બીજો માળ, શશીરૂપ હોમ્સ, ટાઈપ-એફ, સર્વે નં. ૧૯૬, રેલ્વે ક્રોસિંગ પાસે, ભેસ્તાન ગામ નજીક, ભેસ્તાન રેલ્વે સ્ટેશન નજીક, ભેસ્તાન, સુરત-૩૯૫૦૦૩.
૪.	શ્રી પ્રભાત કુમાર (કરજદાર), શ્રીમતિ પૂજાદેવી (સહ-કરજદાર) ૨૧૧૪૮૪-૬૪૯૭૧૯૩૨૬,૬૪૯૧૯૮૯૬૯	રૂા.૯,૧૯,૪૧૮/-, જે તા.૩૧- ડિસે. ૨૦૨૫ ના રોજ	૨૭-જાન્યુ.-૨૦૨૬	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	ફલેટ નં.-૧૦૫, પહેલો માળ, ફોરચ્યુન - ડીપી-નેનો-૨-આઈ, સર્વે નં. ૩૦૫/૨, ૩૦૬/૧, ૩૦૬/૨, કૃષિ સામે (ખેતી-વાડી) ફાર્મ, વાપી-કાચીગામ રોડ, દમણ-૩૯૬૨૧૦.
૫.	શ્રી સોરઠીયા સંદિપ કનુભાઈ (કરજદાર), શ્રીમાથુકીયા ઘર્મેશભાઈ બાઘાભાઈ (જામીનદાર) ૨૨૫૯૨૯-૬૭૮૭૭૮૨૭૯, ૬૭૯૮૨૨૨૪૧	રૂા.૧૫,૬૬,૦૩૧/-, રૂા.૨૬,૦૯૭/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૦૮-જૂલાઈ-૨૦૨૬	૧૨/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	ફલેટ-સી-૧૦૧, પહેલો માળ, ચિત્રકુટ રેસીડેન્સી, ટાઈપ- સી, સર્વે નં. ૧૨/૧, બ્લોક ૨, ભકિતપાર્ક પાસે, સૌરાષ્ટ્ર રેસીડેન્સી નજીક, ઓમ ટાઉનશીપ નજીક, પસોદરા, સુરત-૩૯૫૦૦૬.
૬.	શ્રી પરિહર મનોહરલાલ રૂપારામ (કરજદાર), શ્રીમતિ પરિહર શાંતી (સહ-કરજદાર), શ્રી પ્રવિણ કુમાર (સહ-કરજદાર) ૨૨૫૯૪૩-૬૮૫૧૩૨૩૮૧,૬૮૫૧૩૨	રૂા.૨૩,૦૬,૯૭૧/-, રૂા.૧૫,૭૯,૭૭૬/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૨૯-જુન-૨૦૨૬	૧૨/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	ફલેટ-બી/૧-૫૦૨, પ્લાન મુજબ-જી, પાંચમો માળ, સ્વર્ગ રેસીડેન્સી ૨- વિંગ એ૧ અને બી૧, પ્લોટ ફાઈનલ ૨૭/૭૫/૨, સર્વે નં. ૩૯૧, બ્લોક ૪૩૭, ટી.પી.એસ. નં. ૨૦, રંગાણી ફાર્મ, રાજ પેલેસ સામે, બાલ કૃષ્ણ સોસાયટી નજીક, પૂણાગામ, સુરત-૩૯૫૦૦૬.
૭.	શ્રી સવાણી કલ્પેશભાઈ માવજીભાઈ (કરજદાર), શ્રી સવાણી જયદીપ માવજીભાઈ (સહ-કરજદાર), શ્રી સવાણી માવજીભાઈ ધનજીભાઈ (સહ-કરજદાર), શ્રીમતિ સવાણી સવિતાબેન માવજીભાઈ (સહ-કરજદાર) ૨૨૫૯૩૬-૬૪૭૪૫૪૩૦૪	રૂા.૨૧,૦૩,૪૫૯/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૦૮-જૂલાઈ-૨૦૨૬	૧૨/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	રો હાઉસ-૮૮, પટેલ પાર્ક સોસાયટી, સર્વે નં. ૯૭/૧, ૯૬/પી, બ્લોક ૧૬૬, ફાઈનલ પ્લોટ ૧૬૮/ (એ+બી), ટી.પી. ૬૮, સુવિધા રો-હાઉસ સામે, વ્રજભૂમિ વિભાગ-૨ નજીક, સીમાડા, વરાછા, સુરત-૩૯૫૦૦૬.
૮.	શ્રી આરીવાલા ચેતન રાજુભાઈ (કરજદાર), શ્રી આરીવાલા રાજુભાઈ જેકીશનદાસ (સહ-કરજદાર), ૨૨૫૯૨૧-૬૮૫૩૬૫૩૨૯,૬૮૩૬૫૭૦૦૮	રૂા.૪,૪૦,૭૫૫/-, રૂા.૨૩,૮૫૪/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૦૮-જૂલાઈ-૨૦૨૬	૦૯/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	ફલેટ-૫૦૩, પાંચમો માળ, સુમન મુદ્રા, વિંગ-બી, ઈડબલ્યુએસ-૪૮, ફાઈનલ પ્લોટ ૧૧૩, ટી.પી. ૧૬ (પાલ), ઈડબલ્યુએસ-ટાઈપ -૨, બાગબાન સર્કલ ક્રેટોસ કલબ નજીક, પાલ ગામ, સુરત-૩૯૫૦૦૯.

* કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને આ સાથે નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એકટની કલમ ૧૩(૪) ને સદરહુ નિયમોના નિયમ ૮ અન્વયે એચડીએફસી ના અધિકૃત અધિકારીને મળેલી સત્તાની રૂએ અહીં અત્રે ઉપર જણાવેલી મિલકતનો સાંકેતિક / પ્રત્યક્ષ કબજો લીધો છે.

આથી કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે તેમણે સદરહુ સ્થાવર મિલકત / સલામત મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહી અને કોઈપણ વ્યવહાર એચડીએફસી ના બાકી પડતા લેણાં અને તેના પરના ભવિષ્યના વ્યાજ રકમની વસુલાતને પાત્ર રહેશે.

અહી કરજદાર/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ નું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ પંચનામાની કોપી અને સામગ્રીઓની યાદી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી પાસે ઓફિસના કામકાજના દિવસો અને કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી.

તારીખઃ ૦૯/૧૦/૨૦૨૬, ૧૧/૧૦/૨૦૨૬ અને ૧૨/૧૦/૨૦૨૬
સ્થળઃ સુરત.

એચડીએફસી બેંક લીમીટેડ વતી,
અધિકૃત અધિકારી.

Regd. Office: HDFC Bank Ltd., HDFC Bank House, Senapati Bapat Marg,
Lower Parel (West), Mumbai - 400 013. Corporate Identity No.: L65920MH1994PLC080618

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

ઘોડ દોડ રોડ શાખા :
હરમૈન ગાર્ડન એપાર્ટમેન્ટ,
મ્યુનિસિપલ સ્કુલની પાછળ, સુરત-૩૯૫૦૦૭.

પઝેશન નોટીસ

પરિશિષ્ઠ-૪, નિયમ ૮(૧) સરફેસી એક્ટ,૨૦૦૨ જુઓ

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઘોડ દોડ રોડ શાખા**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૨) અને ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૨.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **મે. કે. એન. પેપર, ભાગીદારો - શ્રી નિમેશભાઈ જયસુખભાઈ તળાવિયા અને શ્રી કિશોરભાઈ સોમાભાઈ રાઠોડ** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૮૪,૦૦,૨૭૦/- (રૂા. ચોર્યાસી હજાર બસો સિત્તેર પુરા)** (તા. ૦૨.૦૪.૨૦૨૬ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૦૨.૦૪.૨૦૨૬ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તા બેંકના સંપૂર્ણ લેણાની રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા, જામીનદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૧૨.૧૦.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા અને જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૮૪,૦૦,૨૭૦/- (રૂા. ચોર્યાસી હજાર બસો સિત્તેર પુરા)** (તા. ૦૨.૦૪.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૦૨.૦૪.૨૦૨૬ થી ચડત વ્યાજ,અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) સરફેસી એક્ટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

જંગમ મિલકતની વિગત

પ્લોટ નં. ૨૨, દત્તાનંદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઓલપાડ રોડ, બોલાવ, સુરત ખાતે આવેલ સ્થળ પર સંપૂર્ણ સ્વચાલિત હાઈડ્રોલિક પેપર પ્લેટ સિંગલ સિલિન્ડર ૫ રોલ, મશીનોના ૧૭ સેટ (મોડલ નં. સીકે-૧૧૫, અં.નં. એસ.આઈ-૦૧ થી એસ.આઈ. ૧૭) અને ટર્નલ સાથેના સંપૂર્ણ સ્વચાલિત સીંલર મશીનનો ૧ સેટ (સિરીયલ નં. એસ.આઈ.-૦૦૧/૨૦૨૪) તમામ પ્રમાણભૂત એસેસરીઝ સાથે.

સહી/-
તારીખ : ૧૨.૧૦.૨૦૨૬
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ,
ચેતપેટ, ચેન્નઈ - 600031. ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022.

IDFC FIRST Bank

પરિશિષ્ટ IV (નિયમ 8(1))
કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

જ્યારે નીચે સહી કરનાર, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ)ના અધિકૃત અધિકારી હોવાના નાતે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમ 3 સાથે વંચાણમાં લેવાયેલ કલમ 13(12) દ્વારા પ્રદાન કરાયેલ સત્તાઓની રૂએ, ૧. મીનાક્ષીબેન અનિલકુમાર ઝાલા (ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર તરીકે તેમજ સ્વર્ગસ્થ હર્ષરાજ અનિલકુમાર ઝાલાના કાયદેસરના વારસદાર તરીકે), ૨. સનરાઈઝ સોલાર એનર્જી, નાણાકીય સહાય મેળવનાર ઉધાર લેનાર, સહ-ઉધાર લેનાર અને જામીનદારોને નોટિસમાં જણાવેલ રકમ અર્થાત્ રૂ. ૨૨,૫૬,૬૪૧.૪૪/- (અંકે રૂપિયા બાવીસ લાખ છપ્પન હજાર છસો એકતાળીસ અને ચુમાળીસ પૈસા પૂરા) ચૂકવી આપવા માટે માંગણી નોટિસ તારીખ ૧૮-જુલાઈ-૨૦૨૬ના રોજ બજાવી હતી અને સદર માંગણી નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસની અંદર રકમ ચૂકવી દેવા જણાવ્યું હતું. ઉધાર લેનાર દ્વારા રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેવાથી ઉધાર લેનાર અને સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે, નીચે સહી કરનારે એક્ટની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાઓની રૂએ તારીખ ૦૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધેલ છે.

ખાસ કરીને ઉધાર લેનાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, મિલકત સાથે કોઈ વ્યવહાર કરવો નહીં અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ)ના ચાર્જ હેઠળ રહેશે, જેની રકમ રૂ. ૨૨,૫૬,૬૪૧.૪૪/- (અંકે રૂપિયા બાવીસ લાખ છપ્પન હજાર છસો એકતાળીસ અને ચુમાળીસ પૈસા પૂરા) તથા તેના પરનું વ્યાજ છે.

ઉધાર લેનારનું ધ્યાન એક્ટની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે, જે સુરક્ષિત અસ્કયામતોને છોડાવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તે તમામ ટુકડો અને પાર્સલ સ્થાવર મિલકત, જે ૧૧મા માળે આવેલ ફ્લેટ નં. સી-૧૧૦૩, જેનું ક્ષેત્રફળ ૧૦૫૮.૧૨ ચોરસ ફૂટ એટલે કે ૯૮.૩૩૮ ચોરસ મીટર છે, બિલ્ટ-અપ એરિયા ૬' x ૬.૬" અને ૬' x ૧૧.૩" ચોરસ ફૂટ એટલે કે ૬.૭૯૩ ચોરસ મીટર છે તથા "શ્રીપદ પનોરમા બિલ્ડિંગ નં. સી"ની જમીનમાં ૪૪.૨૯ ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો ધરાવે છે, જે મહેસૂલ સર્વે નં. ૭૦ (ઉત્તર-પશ્ચિમ), બ્લોક નં. ૧૦૮/પૈકી ૨, જેનું ક્ષેત્રફળ ૦-૬૬-૧૭ ચો.મી., આકાર રૂ. ૧૦-૧૧ પૈસા, ટી.પી. સ્કીમ નં. ૯ (પાલનપોર-ભેસ્તાન), ફાઈનલ પ્લોટ નં. ૨૨, જેનું ક્ષેત્રફળ ૪૬૩૨ ચો.મી., મોજેઃ પાલનપોર, સુરત સિટી, જિલ્લાઃ સુરત, ગુજરાત - ૩૯૫૦૦૯ની સીમાઓમાં આવેલ છે. પૂર્વઃ એનએ, પશ્ચિમઃ એનએ, ઉત્તરઃ એનએ, દક્ષિણઃ એનએ.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ)

તારીખઃ ૦૮.૧૦.૨૦૨૬
સ્થળઃ સુરત, ગુજરાત
લોન એકાઉન્ટ નં: 67199213

નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઈ-ટેન્ડર નોટીસ નં.૧૨ સને ૨૦૨૬-૨૭

કામનું નામ : કા.જ.કા.ન.વિભાગના તાબાના નહેરના ૮ (આઠ) કામ જેની
અંદાજીત રકમ રૂ. : ૩.૪૩ કરોડ થી ૪.૪૯ કરોડ
અપલોડ તારીખ : તા.૧૪-૧૦-૨૦૨૬ થી ૨૯-૧૦-૨૦૨૬
ડાઉન લોડની છેલ્લી તારીખ : તા.૨૯-૧૦-૨૦૨૬ અને સમય : ૧૮.૦૦ કલાક સુધી

કાર્યપાલક ઈજનેર, કા.જ.કા.નહેર વિભાગ, પહેલા માળે, "સિંચાઈ ભવન" લુર્ડઝ કોન્વેન્ટ સ્કુલની પાસે, અઠવાલાઈન્સ, સુરત-૭ ફોન નં. ૦૨૬૧-૨૬૬૯૦૪૮ રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તેમજ https://tender.nprocure.com ઉપર જોવા મળશે. તેમજ હવે પછીના કોઈપણ સુધારા ફક્ત ઓનલાઈન મુકવામાં આવશે.

આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, અથવા આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાધવાથી મળશે.

ક્રમાંકઃમાહિતી-સૂરત/૭૩૯/૨૦૨૬

बैंक ऑफ़ इंडिया BOI
Bank of India

સુલતાનાબાદ શાખા : સુલતાનાબાદ- ડુમસ રોડ, અંબાવાડી,
સુલતાનાબાદ, ડુમસ ટાઉન,, જી.સુરત, ગુજરાત- ૩૯૪૫૫૦
email : Sultanaban.surat@bankofindia.bank.in

પરિશિષ્ટ-૪ [રૂલ-૮(૧) જુઓ] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ [એકટ] ૨૦૦૨(૨૦૦૨ ના ૫૪) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૦/૧૧/૨૦૨૫** ના રોજ **ડિમાન્ડ નોટીસ** બજાવીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **૧. સ્વર્ગસ્થ શ્રી જયેશભાઈ ધનસુખભાઈ કહાર અને તેના કાનુની વારસદાર શ્રીમતી રામેશ્વરી જયેશભાઈ કહાર ૨. શ્રીમતી રામેશ્વરી જયેશભાઈ કહાર** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૧૧,૬૮,૬૩૦.૪૯/-(અંકે રૂા. અગિયાર લાખ અડસઠ હજાર છસો ત્રીસ અને ઓગણપચાસ પૈસા પુરા)** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ ની ૪) (એકટ) રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૦મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા સુરત** ના **રૂા.૧૧,૬૮,૬૩૦.૪૯/-(અંકે રૂા. અગિયાર લાખ અડસઠ હજાર છસો ત્રીસ અને ઓગણપચાસ પૈસા પુરા) તા. ૨૦/૧૧/૨૦૨૫** ના રોજ વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન

પ્લોટ નં. ૩૪૨ (કેજેપી બ્લોક/પ્લોટ નં. ૧૮૪/૩૪૨) 'શ્રી વલ્લભ રેસીડન્સી', રે.સ. નં. ૧૪૬/૨, ૧૪૯, બ્લોક નં. ૧૮૪ હલધરૂ, કામરેજ, જી.સુરત ગુજરાત ખાતે મોર્ગેજ કરેલ સ્થાયી મિલકતની વિગતો.

ગીરવે મુકેલી મિલકત/ સુરક્ષિત મિલકતનું વર્ણન વેચાણ ડીડ મુજબ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શ્રી વલ્લભ રેસીડન્સી', હલધરૂ, કામરેજ ખાતે આવેલ નો પ્લોટ નં. ૩૪૨ (કેજેપી બ્લોક/પ્લોટ નં. ૧૮૪/૩૪૨) જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૪૬/૨, ૧૪૯, જૂનો બ્લોક નં. ૧૭૦, રી-સર્વે પછી નવો રીવાઈઝ બ્લોક નં.૧૮૪ માપ ૩૭૭૨૩.૦૦ ચો.મી જેનો પ્લોટ એરીયા માપ ૭૨.૦૦ ચો.વાર એટલે ૬૦.૨૮ ચો.મી + વણવહેચાયેલ હિસ્સા માપ ૩૬.૮૯ ચો.મી, કોમન રોડ અને સીઓપીની, ગામ હલધરૂ, તા. કામરેજ, જી.સુરત ખાતે શ્રીમતી રામેશ્વરી જયેશભાઈ કહાર અને શ્રી જયેશભાઈ ધનસુખભાઈ કહાર ના નામે જે ગુજરાત રાજય ના અધિકારક્ષેત્ર માં ઉભેલી ઈમારતો સાથે તેના પર નો શેડ આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૩૪૩, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૩૪૧, **ઉત્તર તરફ** : જોડેની સોસાયટી નો આંતરીક રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૩૫૭ આવેલ છે.

તા. ૧૦.૧૦.૨૦૨૬ | સ્થળ : કામરેજ, સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, સુલતાનાબાદ શાખા.

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक !
punjab national bank ...the name you can BANK upon !

પરવત પાટીયા શાખા : દુકાન નં. ૫-૭, દર્શન રેસીડન્સી, કેનલ રોડ, પુણા ગામ ચાર રસ્તા,
પરવત પાટીયા, સુરત-૩૯૫૦૧૦ email: bo222410@pnb.bank.in

(જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨(૫૪ ના ૨૦૦૨) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના (રૂલ-૩) સાથે વંચાણે લઈ **તા.૦૫.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો/ગીરવેદાર શ્રી સંતોષ ગુપ્તા (દેવાદાર), શ્રીમતી મંજુદેવી ઓમપ્રકાશ ગુપ્તા (સહદેવાદાર) અને શ્રી ઓમપ્રકાશ શ્રીભગવાનપ્રસાદ ગુપ્તા (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮,૧૪,૩૪૦.૫૪ (અંકે રૂા. આઠ લાખ ચૌદ હજાર ત્રણસો ચાલીસ અને ચોપ્પન પૈસા પુરા) તા. ૨૫.૦૨.૨૦૨૬**ના રોજ અને વધારાનું વ્યાજ અને ખર્ચાઓ આ નોટીસ/તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર /ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **૧૧મી ઓક્ટોબર સને ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો અને ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૮,૫૭,૧૪૮.૫૪ (અંકે રૂા. આઠ લાખ સત્તાવન હજાર એકસો અડતાલીસ અને ચોપ્પન પૈસા પુરા) તા. ૩૦.૦૯.૨૦૨૬** ના રોજ(૨૯.૦૪.૨૦૨૬ સુધી વ્યા સહિત) અને વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

એનપીએ પછી રકિવરી થયેલ નથી.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શિવંતા હોમ્સ-૧, નો મંજૂર થયેલ જમીનનો પ્લોટ નં.૧૮, પ્લાન મુજબ માપ ૪૦.૧૮ ચો.મીટર એટલે માપ ૪૮.૦૦ ચો.વાર વણવહેચાયલ મિલકતના પ્રમાણસર હિસ્સા સહિત રોડ અને સીઓપીના જમીન નો રે.સ.નં. ૪૧૯, ૪૨૦, ૪૨૩, ૪૨૪, બ્લોક નં. ૪૫૦ ગામ. ઉમરખ, તા.બારડોલી, જી.સુરત-૩૯૪૩૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : પ્લોટ નં.૧૭, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૧૯, **ઉત્તર તરફ** : સોસાયટી રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૪. (જેનુ રજીસ્ટ્રેશન અનુ નં. ૨૭૭૬/૨૦૨૦ તા. ૨૧.૦૯.૨૦૨૦ થી એસઆરઓ સુરત-બારડોલી ખાતે મોમોરેન્ડમ ઓફ ટાઈટલ ડિડથી થયેલ છે.

તારીખ : ૧૧.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક